
ડોલોરેસ અને ભયાનક આગ

એક સાચી વાર્તા

એન્ડ્રુ ક્લેમેન્ટસ

ચિત્ર: એલેન બેયર




ડોલોરેસ અને ભયાનક આગ

એક સાચી વાર્તા




એન્ડ્રુ ક્લેમેન્ટસ
ચિત્ર: એલેન બેયર

કાઈલ એક જૂના ઘરમાં રહેતો હતો.
વર્ષો સુધી એ સાવ એકલો રહ્યો હતો.



પછી એણે એક બિલાડીનું બચ્ચું પાળ્યું.
એણે એનું નામ ડોલોરેસ રાખ્યું.



થોડી બિલાડીઓને કોઈ ઉપાડી લેય
અને એને પકડી રાખે એ ગમે છે.
પણ ડોલોરેસ એવી ન હતી.
કોઈ એને વહાલ કરે એ પણ એને ગમતું
ન હતું.

પણ કાઈલને એનો કોઈ વાંધો ન હતો.
કાઈલને ડોલોરેસ એના ઘરે રહે એ
પસંદ હતું.
ડોલોરેસ એની સાથે ટેબલ પર બેસીને
ખાવાનું ખાતી હતી.



કાઈલ ડોલોરેસને નવા
ઘરનો ખૂણે-ખૂણો
શોધતા જોતો હતો. એને
ડોલોરેસને મોટી
થતી જોવું ગમતું હતું.





અને દરેક વખતે જયારે
કાઈલ ઘરે પાછો ફરતો
તો ડોલોરેસ એને દરવાજા
પાસે મળતી હતી.

ક્યારેક ડોલોરેસ ડરી ગઈ હોય
એવી રીતે વર્તતી હતી.
ત્યારે કાઈલ કહેતો,
"બધું બરાબર છે, ડોલોરેસ.
તું ડર નહીં."





કાઈલ રાતે ઘરની બધી
લાઈટ ડોલોરેસ માટે ચાલુ રાખતો
હતો.
એનાથી ડોલોરેસને સારું
લાગતું હતું.




એક રાતે જયારે કાઈલ
સૂઈ ગયો હતો, ત્યારે
ડોલોરેસે કંઈક અજબ કર્યું.




ડોલોરેસ કાઈલના માથા પર કૂદી
અને એને નહોર માર્યા.
કાઈલ ધીરે-ધીરે ઉઠયો.

કાઈલે એની આંખો ખોલી
અને બેઠો થયો.



એણે વિચાર્યું,
"મેં લાઈટ ચાલુ રાખી હતી,
તો આટલું અંધારું કેમ છે?"



ત્યાં એણે ધુમાડો જોયો!
બધા રૂમ કાળા ધુમાડાથી
ભરાઈ ગયા હતા.



કાઈલ સરખી રીતે જોઈ શકતો ન હતો.

એને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી થઈ રહી હતી.

એને ત્યાંથી જલ્દીથી બહાર નીકળવાનું હતું!

ફક્ત પાછળનો દરવાજો જ બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો હતો.

ડોલોરેસ કાઈલની પાછળ-પાછળ હતી.

કાઈલ પાછલા દરવાજા તરફ ચાલ્યો.




કાઈલ ભોંય પર સ્પર્શ કરીને
તપાસીને આગળ વધ્યો.

એણે ડોલોરેસનો એના પગ
પાસે અનુભવ કર્યો.



આખરે એ પાછલા
દરવાજા સુધી પહોંચ્યો.




જ્યારે કાઈલે દરવાજાની કુંડી ખેંચી,
તો એ તૂટીને એના હાથમાં આવી ગઈ.
એ ફસાઈ ગયા હતા!





કાઈલે દરવાજાને ધક્કો માર્યો,
પણ એને નબળાઈ લાગી.
અને કાઈલ ભોંય પર પડી ગયો.
કાઈલ મુશ્કેલીથી શ્વાસ લઈ શકતો હતો.

ફરી ડોલોરેસે
કાઈલને નહોર માર્યા.
ફરી કાઈલ ધીરે-ધીરે ઉઠયો.
કાઈલ ઉભો થયો.
બંધ દરવાજાને એણે
એક છેલ્લો ધક્કો માર્યો.




આ વખતે, દરવાજો
ખુલી ગયો.




જયારે કાઈલ બહાર આવ્યો,
તો ડોલોરેસ ત્યાં ન હતી.
ડોલોરેસે એનો જીવ બચાવ્યો હતો,
પણ એ પોતે ક્યાં હતી?

અગ્નિશામકોએ કાઈલને
શ્વાસ લેવામાં મદદ કરી.
કાઈલને થોડું સારું લાગ્યું,
પણ ડોલોરેસ હજી ગાયબ હતી.



ત્રણ કલાક પછી એક બમ્બાવાળો આવ્યો.
એની પાસે એક ટૂવાલમાં કંઈક લપેટેલું હતું.
એણે કહ્યું, "આ તમારા દરવાજાની અંદર જ હતી."





કાઈલે જોયું અને
એની આંખો આંસુઓથી
છલકાઈ ગઈ.
એ ડોલોરેસ હતી.



એ બહુ ખરાબ રીતે બળી ગઈ હતી,
પણ એ હજી જીવતી હતી.
ત્રણ દિવસો સુધી ડોલોરેસ
લગભગ મરી ગઈ હોય એવી લાગતી હતી.
એની આંખો બળીને બંધ થઈ ગઈ હતી.
અને એની મોટા ભાગની રૂંવાટી બળી ગઈ હતી.


ચોથે દિવસે ડોલોરેસે એની
આંખો ખોલી અને થોડું દૂધ પીધું.
કાઈલે કહ્યું,
" મને ખબર છે કે ડોલોરેસ બચી જશે."



કાઈલે ડોલોરેસની સારી રીતે દેખભાળ કરી.
ધીરે-ધીરે એ સારી થઈ ગઈ.
પછી ડોલોરેસને
કાઈલનો જીવ બચાવવા માટે
એક ઇનામ મળ્યું.



આગના અનુભવ પછી ડોલોરેસ
હવે ડરતી ન હતી.
હવે એને કાઈલના ખોળામાં બેસવાનું
અને એનું પંપાળવાનું ગમતું હતું.



કાઈલે કહ્યું,

"મેં એ ભયાનક આગમાં મારું

લગભગ બધું જ ખોઈ દીધું હતું.

પણ મારી બે સૌથી મહત્વપૂર્ણ વસ્તુઓ ખોવાણી નહીં-

એક મારો પોતાનો જીવ અને

બીજી મારી બિલાડી ડોલોરેસનો જીવ."



અંત